# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૬/ક્વા-03/૨૦૨૦-૨૧/૯૭ તા.૦૯.૦૩.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૫૬/ક્વા-03/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી મુનભાઈ દેશુરભાઈ ખેરાજ ગામ – સિદ્ધપુર

સબડીવીઝન: વડત્રા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી ખંભાળિયા

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

તારીખ: મંગળવાર (૦૯.૦૨.૨૦૨૧)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, એમોએ એસ.આર.નં. ૯૦૮૯૩૪૭ અન્વયે ભરેલ અંદાજપત્રક તા.૧૯-૮-૨૦૧૯ ના અનુસંધાનથી સિદ્ધપુર ગ્રામપંચાયતની હદમાં સર્વે નં. ૧૯૫ માં ખેતી વિષયક વિજજોડાણ મેળવવા માટે પીજીવીસીએલ વડત્રા સબ ડિવીઝનમાં અંદાજપત્રક રસીદ નં. ૬૯૩૨૩૮/૩૯/૪૦ તા. ૧૯-૮-૨૦૧૯ થી ભરપાઈ કરેલ છે.

એમોએ અંદાજપત્રક ભર્યા બાદ લાઇનકામ સમયે બાજુવાળા ખેડુતે વાંધો ઉઠાવતાં અમારૂ લાઇનકામ થયેલ નહીં અને એમોએ તા.૨૦-૫-૨૦૨૦ ના રોજ રિસર્વે માટે અરજી કરી રિસર્વે માટેની જરૂરી રકમ રૂ.૩૦૦/- રસીદ ન. ૬૬૭૯૯૦ તા. ૨૦-૫-૨૦૨૦ થી ભરપાઈ કરેલ છે.

આમ છતાં આજદિન સુધી અમારા વિજજોડાણ અંગેની કોઈપણ જાતની કામગીરી કરવામાં આવેલ નથી. એમોએ રૂબરૂ તપાસ કરતાં અલગ અલગ જાતના બહાના સબ ડિવીઝનના સાહેબશ્રી દ્વારા સંભળાવવામાં આવે છે.

અમારી અરજીને ધ્યાને લઈ આ વર્ષે વરસાદ સારો થતાં હાલમાં પિયતની સગવડ હોય અમારૂ વિજજોડાણ સત્વરે ચાલુ કરાવી આપવા યોગ્ય હુકમ કરવા વિનંતી.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી મૂન દેસુર ખેરાજ રે સિદ્ધપુર દ્વારા સિદ્ધપુર મુકામે ખેતીવાડી સર્વે નંબર ૧૯૫ માં ખેતીવાડી હેતુ ૭.૫ હો.પા.નુ થ્રી ફેઇઝ વિજ જોડાણ માગેલ છે. અરજદાર દ્વારા નોંધણી ચાર્જ રુપીયા ૨૦૦/- રસિદ નં. ૨૧૮૩૦૬ તારીખ ૦૧.૦૩.૨૦૧૭થી ભરપાઈ કરેલ છે. જેના એસ આર નંબર ૯૦૮૯૩૪૭ છે .સદર જોડાણ પેટે અરજદાર દ્વારા અંદાજપત્રક ના નાણાં રૂ..૭૮૫૩/- રસીદ નંબર ૬૯૩૨૩૮/૩૯/૪૦/૪૧ તારીખ ૧૯.૦૮ .૨૦૧૯ થી ભરપાઈ કરેલ છે.

૨.૧ સદર જોડાણ ની લાઇન કામગીરી દરમિયાન બાજુના ખેડૂતે વાંધો ઉઠાવતા તારીખ ૨૦.૦૫.૨૦૨૦ ના રોજ રી સર્વે માટે અરજી કરેલ અને જરૂરી ચાર્જ તારીખ ૨૦.૦૫.૨૦૨૦ ના રોજ ભરપાઈ કરેલ પરંતુ બાજુના ખેડૂત ના વાંધા ના પરિણામે વીજ જોડાણ ની કામગીરી ન થતાં ઉક્ત ફરિયાદ કરેલ છે.

૨.૨ વડતરા પેટા વિભાગીય કચેરી ના સામેલ પત્ર નંબર વીએસડી/ટેક/૩૯૬ તારીખ ૨૫.૦૧.૨૦૨૧ મુજબ વાંધો ઉઠાવનાર ખેડૂત ના વાંધા નું નિરાકરણ કરેલ છે અને વીજ જોડાણ માટે લાઇન ઊભી કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. અને ટૂક સમય માં વીજ જોડાણ રીલીઝ કરવામાં આવશે.સદર બાબતે અરજદાર ને સંતોષ થયેલ હોય તારીખ ૨૧.૦૧.૨૦૨૧ ના રોજ ની સમાધાન પુરસિસ રજૂ છે.આમ અરજદાર ની ફરિયાદ નું સંતોષકારક નિરાકરણ કરેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૨ મુજબ પીજીવીસીએલ કંપની ની વડતરા પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ વડતરા પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૨૧.૦૧.૨૦૨૧ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએ થી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |